www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Monday
30.11.2020

✳Volume :5 ✳ Issue No. 106

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# કૃષિ સુધારે ખેડૂતો માટે નવી સંભાવનાના દ્વાર પણ ખોલ્યા છે:પ્રધાનમંત્રી



કમલમ દૈનિક,

દરેક ભારતીયને એ જાણીને ગર્વ થશે કે દેવી અન્નપૂર્ણાની એક બહુ જ જૂની પ્રતિમા, કેનેડાથી ભારત પરત આવી રહી છે. આ પ્રતિમા લગભગ ૧૦૦ વર્ષ પહેલા, ૧૯૧૩ની આસપાસ, વારાણસીના એક મંદિરમાંથી ચોરી કરીને, દેશની બહાર મોકલી દેવાઈ હતી. હું કેનેડાની સરકાર અને આ પુણ્યકાર્યને સંભવ બનાવનારા બધા લોકોની સહ્રદયતા માટે આભાર વ્યક્ત કરું છું. માતા અન્નપૂર્ણાનો કાશી સાથે બહુ જ વિશેષ સંબંધ છે. હવે તેમની પ્રતિમાનું પાછું આવવું, આપણા બધા માટે સુખદ છે. માતા અન્નપૂર્ણાની પ્રતિમાની જેમ જ આપણા ઘણાં અણમોલ કિંમતી વારસાઓ, રાષ્ટ્રિય ટોળકીઓનો શિકાર થતી રહી છે. આ ટોળકી, આંતરરાષ્ટ્રિય બજારમાં તેને બહુ જ ઉંચી કિંમતમાં વેચે છે. હવે તેમના પર કડકાઈ તો લગાવાઈ જ રહી છે, તેને પરત લાવવા માટે ભારતે પોતાના પ્રયાસો પણ વધાર્યા છે. આવી જ કોશિશોને કારણે વિતેલા કેટલાક વર્ષોમાં ભારત, કેટલીયે પ્રતિમાઓ અને કલાકૃતિઓને પરત લાવવામાં સફળ રહ્યું છે. માતા અન્નપૂર્ણાની પ્રતિમાના પરત આવવાની સાથે, એક સંયોગ એ પણ જોડાયેલો છે કે, કેટલાક દિવસો અગાઉ જ **World Heritage Week** મનાવવામાં આવ્યું. **World Heritage Week**, સંસ્કૃતિ પ્રેમીઓ માટે, જૂના સમયમાં પરત જવા, તેના ઈતિહાસના મહત્વની ક્ષણોને જાણવાનો એક શ્રેષ્ઠ તક પૂરી પાડે છે. કોરોનાના સમય છતાં પણ આ વખતે આપણે ઈનોવેટિવ રીતે લોકોને આ **Heritage Week** મનાવતા જોયા. **Crisis** માં **culture** ઘણું જ કામ આવે છે, તેની સાથે વ્યવહાર કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. ટેક્નોલોજીના માધ્યમથી પણ કલ્ચર, એક ઈમોશનલ રિચાર્જની રીતે કામ કરે છે. આજે દેશમાં કેટલાય મ્યુઝિયમ અને લાઈબ્રેરીઓ પોતાના સંગ્રહને સંપૂર્ણ રીતે ડિજીટલ બનાવવા પર કામ કરી રહ્યા છે. દિલ્હીમાં આપણા રાષ્ટ્રિય સંગ્રહાલયે આ સંબંધમાં કેટલાક પ્રશંસનીય પ્રયાસો કર્યા છે. રાષ્ટ્રિય સંગ્રહાલય દ્વારા લગભગ દસ વર્ચ્યુઅલ ગેલેરી, **introduce** કરવાની દિશામાં કામ ચાલી રહ્યું છે – છે ને મજેદાર ! હવે તમે ઘરે બેઠા જ દિલ્હીના નેશનલ મ્યુઝિયમ ગેલેરીની ટૂર કરી શકશો. જ્યાં એક તરફ સાંસ્કૃતિક વારસાઓને ટેક્નોલોજીના માધ્યમથી વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવા મહત્વનું છે, તો આ વારસાઓના સંરક્ષણ માટે ટેક્નોલોજીનો ઉપયોગ પણ મહત્વપૂર્ણ છે. હાલમાં જ એક **interesting projec** વિશે વાંચી રહ્યો હતો. નોર્વેના ઉત્તરમાં સ્વૉલબાર્ડ (**Svalbard**) નામનો એક ટાપુ છે. આ ટાપુમાં એક પ્રોજેક્ટ, **Arctic world archive** બનાવવામાં આવ્યું છે. આ **archive** માં બહુમૂલ્ય એવા હેરિટેજ ડેટાને એવી રીતે રાખવામાં આવ્યો છે કે કોઈપણ પ્રકારની પ્રાકૃતિક કે માનવસર્જિત આપત્તિ પણ તેને અસર કરી શકે નહીં. હમણાં હાલમાં જ એ જાણકારી આવી છે કે અજન્તા ગુફાઓના વારસાને પણ ડિજીટાઈઝ કરવાના પ્રોજેક્ટમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. તેમાં અજન્તા ગુફાઓની સંપૂર્ણ ઝાંખી જોવા મળશે. તેમાં ડિજીટાઈઝ્ડ અને **restored painting** ની સાથે સાથે તેનાથી સંબંધિત દસ્તાવેજ અને **quotes** પણ સામેલ હશે. સાથીઓ. રોગચાળાએ એક તરફ જ્યાં આપણા કામ કરવાની રીત-રિવાજ બદલી નાખ્યા છે તો બીજી તરફ પ્રકૃતિને નવી રીતે અનુભવ કરવાનો પણ મોકો આપ્યો છે. પ્રકૃતિને જોવાના આપણા દ્રષ્ટિકોણમાં પણ બદલાવ આવ્યો છે. હવે આપણે શિયાળાની ઋતુમાં પ્રવેશ કરી રહ્યા છીએ. આપણને પ્રકૃતિના અલગ-અલગ રંગ જોવા મળશે. ગત કેટલાક દિવસોથી ઈન્ટરનેટ ચેરી બ્લોસમ્સની વાઈરલ છબીઓથી ભરેલું છે. તમે વિચાર કરી રહ્યા હશો જ્યારે હું ચેરી બ્લોસમ્સની વાત કરું છું તો જાપાનની આ પ્રસિદ્ધ ઓળખની વાત કરી રહ્યો છું – પરંતુ એવું નથી. આ જાપાનની છબીઓ નથી. આ આપણા મેઘાલયના શિલોંગની છબીઓ છે. મેઘાલયની સુંદરતાને આ ચેરી બ્લોસમ્સે વધારી દીધી છે. આ મહિને ૧૨ નવેમ્બરથી ડોક્ટર સલીમ અલીજી નો ૧૨૫મો જયંતિ સમારોહ શરૂ થયો છે. ડોક્ટર સલીમે પક્ષીઓની દુનિયામાં બર્ડ વોચિંગને લઈને ઉલ્લેખનીય કાર્ય કર્યું છે. દુનિયાના **bird watchers** ને ભારત પ્રત્યે આકર્ષિત પણ કર્યા છે. હું હંમેશાથી બર્ડ વોચિંગના શોખીન લોકોનો પ્રસંશક રહ્યો છું. ઘણી જ ધીરજ સાથે તેઓ કલાકો સુધી સવારથી સાંજ સુધી **Bird watching** કરી શકે છે, પ્રકૃતિના અનોખા દ્રષ્ટિકોણનો આનંદ ઉઠાવી શકે છે અને પોતાના જ્ઞાનને આપણા લોકો સુધી પણ પહોંચાડી રહ્યા છે. ભારતમાં પણ ઘણી બર્ડ વોચિંગ સોસાયટી સક્રિય છે. આપ પણ જરૂર આ વિષય સાથે જોડાવ. મારી દોડાદોડથી ભરેલી જિંદગીમાં મને પણ ગત દિવસોમાં કેવડિયામાં પક્ષીઓ સાથે સમય વિતાવવાનો ઘણો જ યાદગાર મોકો મળ્યો. પક્ષીઓ સાથે વિતાવેલો સમય, આપને પ્રકૃતિ સાથે પણ જોડશે અને પર્યાવરણ માટે પણ પ્રેરણા આપશે. મારા પ્રિય દેશવાસીઓ, ભારતની સંસ્કૃતિ અને શાસ્ત્ર હંમેશાથી આખી દુનિયામાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. કેટલાય લોકો તો તેની શોધમાં ભારત આવ્યા અને હંમેશા માટે અહીંયાના જ થઈને રહી ગયા, તો કેટલાય લોકો પરત પોતાના દેશ જઈને, આ સંસ્કૃતિના વાહક બની ગયા. મને"**Jonas Masetti**" ના કામ વિશે જાણવાનો મોકો મળ્યો, જેને વિશ્વનાથના નામથી પણ જાણવામાં આવે છે. જોનસ બ્રાઝિલમાં લોકોને વેદાંત અને ગીતા શીખવાડે છે. તેઓ વિશ્વવિદ્યા નામની એક સંસ્થા ચલાવે છે, જે રિયો ડિ જનેરોથી કલાકના અંતરે પેટ્રોપોલિસના પહાડોમાં આવેલી છે. જોનસે મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યા પછી સ્ટોક માર્કેટમાં પોતાની કંપનીમાં કામ કર્યું, પછી તેમનું વલણ ભારતીય સંસ્કૃતિ અને ખાસ કરીને વેદાન્ત તરફ થઈ ગયું. સ્ટોકથી લઈને સ્પિરિચ્યુઆલિટી સુધી, ખરેખર તો તેમની એક લાંબી યાત્રા છે. જોનસે ભારતમાં વેદાન્ત દર્શનનો અભ્યાસ કર્યો અને ૪ વર્ષ સુધી તેઓ કોઈમ્બતુરના આર્ષ વિદ્યા ગુરુકુલમમાં રહ્યા છે. જોનસમાં વધુ એક ખાસીયત છે કે તેઓ પોતાના મેસેજને આગળ પહોંચાડવા માટે ટેક્નોલોજીનો પ્રયોગ કરી રહ્યા છે. તેઓ નિયમિત રીતે ઓનલાઈન પ્રોગ્રામ્સ કરે છે. તેઓ રોજ પોડકાસ્ટ કરે છે. પાછલા ૭ વર્ષોમાં જોનસે વેદાન્ત પર પોતાના **Free Open Courses**ના માધ્યમથી દોઢ લાખથી વધુ વિદ્યાર્થીઓને ભણાવ્યા છે. જોનસ ન માત્ર એક મોટું કામ કરે છે પરંતુ તેને એક એવી ભાષામાં કરી રહ્યા છે, જેને સમજનારાઓની સંખ્યા પણ ઘણી વધારે છે. લોકોને તેને લઈને ઘણી રૂચી છે કે કોરોના અને ક્વોરન્ટાઈનના આ સમયમાં વેદાન્ત કેવી રીતે મદદ કરી શકે છે? મન કી બાત ના માધ્યમથી હું જોનસને તેમના પ્રયાસો માટે અભિનંદન આપું છું અને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભકામનાઓ પાઠવું છું. આવી રીતે હમણાં એક ખબર પર તમારું ધ્યાન જરૂર ગયું હશે. ન્યૂઝીલેન્ડમાં ત્યાંના નવનિયુક્ત એમ.પી. ડૉ. ગૌરવ શર્માએ વિશ્વની પ્રાચિન ભાષાઓમાંની એક સંસ્કૃત ભાષામાં શપથ લીધા છે. એક ભારતીય તરીકે, ભારતીય સંસ્કૃતિનો આ પ્રસાર આપણને બધાને ગર્વથી ભરી દે છે. મન કી બાતના માધ્યમથી હું ગૌરવ શર્માજી ને શુભેચ્છાઓ આપું છું. આપણા બધાની શુભેચ્છા છે કે તેઓ ન્યૂઝીલેન્ડના લોકોની સેવામાં નવી સિદ્ધીઓ પ્રાપ્ત કરે. કાલે ૩૦ નવેમ્બરે આપણે શ્રી ગુરુ નાનક દેવજીનું ૫૫૧મું પ્રકાશ પર્વ મનાવીશું. આખી દુનિયામાં ગુરુ નાનક દેવજીનો પ્રભાવ સ્પષ્ટ રીતે જોવા મળે છે. **Vancouver** થી **Wellington** સુધી, **Singapore** થી **South Africa** સુધી તેમના સંદેશ દરેક જગ્યાએ સાંભળવા મળે છે. ગુરુગ્રંથ સાહિબમાં કહેવામાં આવ્યું છે – સેવક કો સેવા બન આઈ, એટલે કે સેવકનું કામ સેવા કરવાનું છે. વિતેલા કેટલાક વર્ષોમાં કેટલાય મહત્વના તબક્કાઓ આવ્યા અને એક સેવક તરીકે આપણને ઘણું બધું કરવાની તક પ્રાપ્ત થઈ. ગુરુ સાહિબે આપણી પાસેથી સેવા લીધી. ગુરુ નાનક દેવજી નો જ ૫૫૦મું પ્રકાશ પર્વ, શ્રી ગુરુ ગોવિંદ સિંહજીનું ૩૫૦મું પ્રકાશ પર્વ, આવતા વર્ષે શ્રી ગુરુ તેગ બહાદુરજીનું ૪૦૦મું પ્રકાશ પર્વ પણ છે. મને અનુભવાય છે કે ગુરુ સાહેબની મારા પર વિશેષ કૃપા રહી કે તેમણે મને તેમના કાર્યોમાં બહુ નજીકથી જોડ્યો. સાથીઓ, શું તમે જાણો છો કે કચ્છમાં એક ગુરુદ્વારા છે, લખપત ગુરુદ્વારા સાહિબ. શ્રી ગુરુ નાનકજી પોતાના ઉદાસી દરમિયાન લખપત ગુરુદ્વારા સાહિબમાં રોકાયા હતા. ૨૦૦૧માં ભૂકંપથી આ ગુરુદ્વારાને પણ નુકસાન પહોંચ્યું હતું. એ ગુરુ સાહેબની કૃપા રહી હતી કે હું તેનો જીણોદ્ધાર સુનિશ્ચિત કરી શક્યો. ન માત્ર ગુરુદ્વારાની મરામત કરવામાં આવી પરંતુ તેના ગૌરવ અને ભવ્યતાને પણ ફરીથી સ્થાપિત કરવામાં આવ્યા. આપણને બધાને ગુરુ સાહેબના ભરપૂર આશિર્વાદ પણ મળ્યા. લખપત ગુરુદ્વારા સંરક્ષણના પ્રયાસોને ૨૦૦૪માં **UNESCO Asia Pacific Heritage Award** માં **Award of Distinction** આપવામાં આવ્યો. એવોર્ડ પ્રદાન કરનારી **Jury** એ જોયું કે પાયાની મરામત દરમિયાન શિલ્પ સાથે જોડાયેલી બારીકીઓનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું. જ્યુરીએ એ પણ નોંધ્યું કે ગુરુદ્વારાના પુનઃનિર્માણ કાર્યમાં શીખ સમુદાયની ન માત્ર સક્રિય ભાગીદારી રહી પરંતુ, તેમના જ માર્ગદર્શનમાં આ કામ થયું. લખપત ગુરુદ્વારા જવાનું સૌભાગ્ય મને ત્યારે મળ્યું હતું જ્યારે હું મુખ્યમંત્રી પણ નહોતો. મને ત્યાં જઈને અનંત ઉર્જા મળતી હતી. આ ગુરુદ્વારામાં જઈને કોઈપણ પોતાને ધન્ય અનુભવે છે. હું એ વાત માટે ઘણો જ કૃતજ્ઞ છું કે ગુરુ સાહેબે મારી પાસેથી નિરંતર સેવા લીધી છે. ગત વર્ષ નવેમ્બરમાં જ કરતાપુર સાહિબ કોરિડોરનું ખૂલવું ઘણું જ ઐતિહાસિક રહ્યું. એ વાતને હું જીવનભર મારા હદયમાં સાચવીને રાખીશ. એ આપણા બધાનું સૌભાગ્ય છે કે આપણને શ્રી દરબાર સાહિબની સેવા કરવાનો વધુ એક મોકો મળ્યો. વિદેશમાં રહેનારા આપણા શીખ ભાઈ-બહેનો માટે હવે દરબાર સાહિબની સેવા માટે પૈસા મોકલવાનું વધુ સરળ થઈ ગયું છે. આ પગલાંથી વિશ્વભરની સંગત દરબાર સાહિબની વધુ નજીક આવી ગઈ છે. તે ગુરુ નાનક દેવજી જ હતા, જેમણે લંગરની પરંપરા શરૂ કરી હતી અને આજે આપણે જોયું કે દુનિયાભરમાં શીખ સમુદાયે કેવી રીતે કોરોનાના આ સમયમાં લોકોનો ખાવાનું ખવડાવવાની પોતાની પરંપરા જાળવી રાખી છે, માનવતાની સેવાની – આ પરંપરા, આપણા બધા માટે નિરંતર પ્રેરણાનું કામ કરે છે. હું ઈચ્છું છું કે આપણે બધા સેવકની જેમ કામ કરતા રહીએ. ગુરુ સાહેબ મારી પાસેથી તેમજ દેશવાસીઓ પાસેથી આવી જ રીતે સેવા લેતા રહે. ફરી એકવાર, ગુરુ નાનક જયંતી પર મારી ખૂબ-ખૂબ શુભેચ્છાઓ. ગત દિવસોમાં મને દેશભરની કેટલીયે યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ સાથે વાતચીતનો, તેમની **education journey**ની મહત્વપૂર્ણ **events** માં સામેલ થવાનો મોકો પ્રાપ્ત થયો છે. ટેક્નોલોજીના માધ્યમથી **IIT-Guwahati, IIT-Delhi**, ગાંધીનગરની **Deendayal Petroleum University**, દિલ્હીની **JNU, Mysore University** અને લખનૌ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે **connect** થઈ શક્યો. દેશના યુવાનોની વચ્ચે રહેવું ઘણું જ તાજગી આપનારું અને ઉર્જાથી ભરેલું હોય છે. વિશ્વવિદ્યાલયના પરિસર તો એક રીતે **Mini India** જેવા હોય છે. એક તરફ જ્યાં આ કેમ્પસમાં ભારતની વિવિધતાના દર્શન થાય છે, તો બીજી તરફ ત્યાં **New India** માટે મોટા-મોટા બદલાવનું **passion** પણ જોવા મળે છે. કોરોનાથી પહેલાના દિવસોમાં જ્યારે હું રૂબરૂ કોઈ ઈન્સ્ટિટ્યૂટની ઈવેન્ટમાં જતો હતો, તો એ આગ્રહ પણ કરતો હતો કે આસપાસની શાળાઓમાંથી ગરીબ બાળકોને પણ આ સમારોહમાં આમંત્રિત કરવામાં આવે. તે બાળકો, તે સમારોહમાં મારા સ્પેશ્યીલ ગેસ્ટ બનીને આવતા રહ્યા છે. એક નાનું બાળક તે ભવ્ય સમારોહમાં કોઈ યુવાનને ડોક્ટર, એન્જિનિયર, સાઈન્ટિસ્ટ બનતા જોવે છે, કોઈને મેડલ લેતા જોવે છે, તો તેનામાં નવા સપનાઓ જાગે છે – હું પણ કરી શકું છું, એ આત્મવિશ્વાસ જાગે છે. સંકલ્પ માટે પ્રેરણા મળે છે. સાથીઓ, આ ઉપરાંત વધુ એક વાત જાણવામાં મારી હંમેશા રૂચી રહેતી હોય છે કે તે **institution** ના **alumni** કોણ છે, તે સંસ્થાના પોતાના **alumni** સાથે **regular engagement** ની વ્યવસ્થા છે કે કેમ? તેમનું **alumni network** કેટલું જીવંત છે... મારા યુવા દોસ્તો, આપ ત્યાં સુધી જ કોઈ સંસ્થાના વિદ્યાર્થી હોવ છો જ્યાં સુધી આપ અભ્યાસ કરો છો, પરંતુ ત્યાંના **alumni**, આપ જીવનભર રહો છો. સ્કૂલ, કોલેજમાંથી બહાર નીકળ્યા બાદ બે વસ્તુ ક્યારેય પૂરી થતી નથી – એક, તમારા શિક્ષણનો પ્રભાવ અને બીજું આપનું આપની સ્કૂલ, કોલેજ સાથેનું જોડાણ. જ્યારે પણ ક્યારેક **alumni** એકબીજા સાથે વાત કરે છે, તો સ્કૂલ, કોલેજની તેમની યાદોમાં, પુસ્તકો અને ભણવાથી પણ વધારે કેમ્પસમાં વિતાવેલો સમય અને દોસ્તો સાથે વિતાવેલી પળો હોય છે, અને એ જ યાદોથી જન્મ લે છે એક ભાવ, **institution** માટે કંઈક કરવાનો. જ્યાં આપના વ્યક્તિત્વનો વિકાસ થયો છે, ત્યાંના વિકાસ માટે આપ કંઈક કરો તેનાથી મોટી ખુશી શું હોઈ શકે છે? મેં કેટલાક એવા પ્રયાસો વિશે વાંચ્યું છે, જ્યાં પૂર્વ વિદ્યાર્થીઓએ તેમની જૂની સંસ્થાઓને બને તેટલું વધારે આપ્યું છે. આજકાલ **alumni** તેને લઈને ઘણાં સક્રિય છે. **IITians** એ તેમની સંસ્થા માટે **Conference Centres, Management Centres, Incubation Centres** જેવી કેટલીયે અલગ-અલગ વ્યવસ્થાઓ પોતે બનાવીને આપી છે. આ બધા પ્રયાસો વર્તમાન વિદ્યાર્થીઓના **learning experience** ને સુધારે છે. દિલ્હીએ એક **endowment fund** ની શરૂઆત કરી છે, જે એક ઘણો જ શાનદાર **idea** છે. વિશ્વની જાણીતી યુનિવર્સિટીમાં આવા પ્રકારના **endowments** બનાવવાનું કલ્ચર રહેલું છે, જે વિદ્યાર્થીઓની મદદ કરે છે. મને લાગે છે કે ભારતના વિશ્વવિદ્યાલયો પણ આ કલ્ચરને **institutionalize** કરવામાં સક્ષમ છે. જ્યારે કંઈક પાછું આપવાની વાત આવે છે તો કંઈ મોટું કે નાનું નથી હોતું. નાનામાં નાની મદદ પણ મહત્વ ધરાવે છે. દરેક પ્રયાસ મહત્વપૂર્ણ હોય છે. ઘણીવાર પૂર્વ વિદ્યાર્થીઓ પોતાની સંસ્થાના ટેક્નોલોજી અપગ્રેડેશનમાં, બિલ્ડીંગના નિર્માણમાં, એવોર્ડ્સ અને સ્કોલરશિપ શરૂ કરવામાં, સ્કિલ ડેવેલપમેન્ટના પ્રોગ્રામ શરૂ કરવામાં, ઘણી મહત્વની ભૂમિકા નિભાવે છે. કેટલીક શાળાઓના **old student association** એ **mentorship programmes** શરૂ કર્યા છે. તેમાં તેઓ અલગ-અલગ બેચના વિદ્યાર્થીઓને **guide** કરે છે. સાથે **s education prospec** પર ચર્ચા કરે છે. કેટલીક સ્કૂલોમાં ખાસ કરીને બોર્ડિંગ સ્કૂલોની **alumni association** બહુ જ **strong** છે, જે **sports tournament** અને **community service** જેવી ગતિવિધીઓનું આયોજન કરતા રહે છે. હું પૂર્વ વિદ્યાર્થીઓને આગ્રહ કરવા માંગીશ કે તેમણે જે સંસ્થામાં અભ્યાસ કર્યો છે, તેની સાથે પોતાના **bonding** ને વધુ મજબૂત કરતા રહે. પછી તે સ્કૂલ હોય, કોલેજ હોય, કે યુનિવર્સિટી. મારો સંસ્થાઓને પણ આગ્રહ છે કે **alumni engagement** ના નવા અને **innovative** પદ્ધતિઓ પર કામ કરે. **Creative platforms develop** કરે જેથી **alumni**ની સક્રિય ભાગીદારી થઈ શકે. મોટી કોલેજ અને યુનિવર્સિટી જ નહીં, આપણાં ગામોની સ્કૂલોનું પણ **strong vibrant active alumni network** હોય. ૫ ડિસેમ્બરે શ્રી અરબિંદોની પુણ્યતિથી છે. શ્રી અરબિંદોને આપણે જેટલા વાંચીએ છીએ, તેટલું જ ઉંડાણ આપણને મળતું જાય છે. મારા યુવાન સાથીઓ શ્રી અરબિંદોને જેટલા જાણશે, તેટલા જ પોતાને જાણશે અને પોતાને સમૃદ્ધ કરશે. જીવનની જે ભાવ-અવસ્થામાં આપ છો, જે સંકલ્પોને સિદ્ધ કરવામાં આપ પ્રયત્નશીલ છો, તેની વચ્ચે આપ હંમેશાથી શ્રી અરબિંદોને એક નવી પ્રેરણા આપતા જોશો, એક નવો માર્ગ દેખાડતા જોશો. જેમ આજે જ્યારે આપણે લોકલ માટે વોકલ એ અભિયાન સાથે આગળ વધી રહ્યા છીએ તો શ્રી અરબિંદોનું સ્વદેશીનું દર્શન આપણને માર્ગ દેખાડે છે. બાંગ્લામાં એક બહુ પ્રભાવશાળી કવિતા છે.

**છુઈ શુતો પોય-મોન્તો આશે તુંગ હોતે ।**
**દિય-શલાઈ કાઠી, તાઉ આસે પોતે ॥**
**પ્રો-દિપ્તી જાલિતે ખેતે, શુતે, જેતે ।**
**કિછુતે લોક નોય શાધીન ॥**

એટલે કે આપણે ત્યાં સોય અને દિવાસળી પણ વિદેશી જહાજમાં આવે છે. ખાણી-પીણી, સૂવાનું, કોઈપણ વાતમાં લોકો સ્વતંત્ર નથી. તેઓ કહેતા પણ હતા, સ્વદેશીનો અર્થ છે કે આપણે આપણા ભારતીય કામદારો, કારીગરોએ બનાવેલી વસ્તુઓને પ્રાથમિકતા આપીએ. એવું પણ નથી કે શ્રી અરબિંદોએ વિદેશોથી કંઈક શિખવાનો પણ ક્યારેય વિરોધ કર્યો હોય. જ્યાં જે નવું છે ત્યાંથી આપણે શીખીએ, જે આપણા દેશમાં સારું હોઈ શકે છે, તેનો આપણે સહયોગ અને પ્રોત્સાહન આપીએ, આ જ તો આત્મનિર્ભર ભારત અભિયાનમાં વોકલ ફોર લોકલ મંત્રની આ ભાવના છે. ખાસ કરીને સ્વદેશીને અપનાવવાને લઈને તેમણે જે કંઈપણ કહ્યું તે આ જે દરેક દેશવાસીએ વાંચવું જોઈએ. સાથીઓ, આવી જ રીતે શિક્ષણને લઈને પણ શ્રી અરબિંદોના વિચાર બહુ જ સ્પષ્ટ હતા. તેઓ શિક્ષણને માત્ર પુસ્તકિયું જ્ઞાન, ડિગ્રી અને નોકરી સુધી જ સીમિત નહોતા માનતા. શ્રી અરબિંદો કહેતા હતા, આપણું રાષ્ટ્રિય શિક્ષણ, આપણી યુવા પેઢીના હદય અને મગજની ટ્રેનિંગ હોવી જોઈએ, એટલે કે મસ્તિષ્કનો વૈજ્ઞાનિક વિકાસ થાય અને હદયમાં ભારતીય ભાવનાઓ પણ હોય, ત્યારે એક યુવાન દેશનો વધુ એક સારો નાગરિક બની શકે છે, શ્રી અરબિંદોએ રાષ્ટ્રિય શિક્ષણને લઈને જે વાત તે વખતે કહી હતી, જે અપેક્ષા કરી હતી, આજે દેશ તેને નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિના રૂપમાં પૂરી કરી રહ્યો છે. ભારતમાં ખેતી અને તેનાથી જોડાયેલી વસ્તુઓ સાથે નવા પરિમાણો જોડાઈ રહ્યા છે. વિતેલા દિવસોમાં થયેલા કૃષિ સુધારે ખેડૂતો માટે નવી સંભાવનાના દ્વાર પણ ખોલ્યા છે. વર્ષોથી ખેડૂતોની જે માગ છે, જે માગોને પૂરી કરવા માટે કોઈને કોઈ સમયમાં દરેક રાજકીય દળે તેમને વાયદાઓ કર્યા હતા, તે માગ પૂરી થઈ છે. ઘણા વિચાર-વિમર્શ બાદ ભારતની સંસદે કૃષિ સુધાર ને કાયદાકીય સ્વરૂપ આપ્યું. આ સુધારાઓથી ન માત્ર ખેડૂતોના બંધનો સમાપ્ત થયા છે પરંતુ તેમને નવા અધિકારો પણ મળ્યા છે, નવી તકો પણ મળી છે. આ અધિકારોએ બહુ જ ઓછા સમયમાં ખેડૂતોની મુશ્કેલીઓને ઘટાડવાનું શરૂ કરી દીધું છે. મહારાષ્ટ્રના ધૂલે જિલ્લાના ખેડૂત, જિતેન્દ્ર ભોઈજીએ નવા કૃષિ કાયદાઓનો ઉપયોગ કેવી રીતે કર્યો, તે તમારે પણ જાણવું જોઈએ. જિતેન્દ્ર ભોઈજીએ મકાઈની ખેતી કરી હતી અને સારા ભાવ માટે તેને વેપારીઓને વેચવાનું નક્કી કર્યું. પાકની કુલ કિંમત નક્કી થઈ લગભગ ત્રણ લાખ બત્રીસ હજાર રૂપિયા. જિતેન્દ્ર ભોઈને પચ્ચીસ હજાર રૂપિયા એડવાન્સ મળી ગયા હતા. નક્કી એ થયું હતું કે બાકીના પૈસા તેમને પંદર દિવસમાં ચૂકવી દેવામાં આવશે. પરંતુ પછીથી પરિસ્થિતીઓ એવી બની કે તેમને બાકીનું પેમેન્ટ મળ્યું નહીં. ખેડૂતો પાસેથી પાક ખરીદી લો, મહિના – મહિના સુધી પેમેન્ટ ન કરો, સંભવિત મકાઈ ખરીદનારાઓ વર્ષોથી ચાલતી આવતી એ જ પરંપરાને નિભાવી રહ્યા હતા. તેવી જ રીતે ચાર મહિના સુધી જિતેન્દ્રજીનું પેમેન્ટ થયું નહીં. તેવી સ્થિતીમાં તેમની મદદ કરી, સપ્ટેમ્બરમાં જે પાસ થયો છે, જે નવો કૃષિ કાયદો બન્યો છે – તે તેમના કામ આવ્યો. આ કાયદામાં એ નક્કી કરવામાં આવ્યું કે પાક ખરીદના ત્રણ દિવસમાં જ ખેડૂતને પૂરું પેમેન્ટ કરવું પડે છે અને જો પેમેન્ટ નથી થતું તો ખેડૂતો ફરિયાદ દાખલ કરાવી શકે છે. કાયદામાં વધુ એક બહુ મોટી વાત છે, આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે ક્ષેત્રના એસ.ડી.એમ એ એક મહિનાની અંદર જ ખેડૂતની ફરિયાદનો નિકાલ કરવાનો રહેશે. હવે જ્યારે આવા કાયદાની તાકાત આપણા ખેડૂતભાઈ પાસે હતી, તો તેમની સમસ્યાનું સમાધાન તો થવાનું જ હતું, તેમણે ફરિયાદ કરી અને થોડા જ દિવસમાં તેમની બાકી રકમ ચૂકવી દેવામાં આવી. એટલે કે કાયદાની સાચી અને પૂરી જાણકારી જ જિતેન્દ્ર જીની તાકાત બની. ક્ષેત્ર કોઈપણ હોય, દરેક પ્રકારના ભ્રમ અને અફવાઓથી દૂર, સાચી જાણકારી, દરેક વ્યક્તિ માટે બહુ મોટો ટેકો હોય છે. ખેડૂતોમાં જાગૃતિ વધારવાનું આવું જ એક કામ કરી રહ્યા છે રાજસ્થાનના બારાં જિલ્લામાં રહેતા મોહમ્મદ અસલમજી. તેઓ એક ખેડૂત ઉત્પાદક સંઘના સીઈઓ પણ છે. જી હા...તમે સાચું સાંભળ્યું, ખેડૂત ઉત્પાદક સંઘના સીઈઓ. આશા છે, મોટી મોટી કંપનીઓના સીઈઓ ને આ સાંભળીને સારું લાગશે કે હવે દેશના દૂર-દૂરના વિસ્તારોમાં કામ કરી રહેલા ખેડૂત સંગઠનોમાં પણ સીઈઓ બનવા લાગ્યા છે, તો સાથીઓ, મોહમ્મદ અસલમજીએ પોતાના ક્ષેત્રનાં અનેક ખેડૂતોને મેળવીને એક વોટ્સએપ ગ્રુપ બનાવી લીધું છે. આ ગ્રુપ પર તેઓ દરરોજ આસપાસની બજારોમાં શું ભાવ ચાલી રહ્યો છે, તેની જાણકારી ખેડૂતોને આપે છે. એમનું પોતાનું એફપીઓ પણ ખેડૂતો પાસેથી પાક ખરીદે છે, તેથી તેમના આ પ્રયાસથી ખેડૂતોને નિર્ણય લેવામાં મદદ મળે છે. જાગૃતિ છે તો જીવંતતા છે. પોતાની જાગૃતિથી હજારો લોકોનું જીવન પ્રભાવિત કરનારા એક કૃષિ ઉદ્યમી શ્રી વિરેન્દ્ર યાદવજી છે. વિરેન્દ્ર યાદવજી ક્યારેક ઓસ્ટ્રેલિયામાં રહેતા હતા. બે વર્ષ પહેલાં જ તેઓ ભારત આવ્યા અને હવે હરિયાણાના કૈથલમાં રહે છે. બીજા લોકોની જેમ, ખેતીમાં સૂકા ઘાસની તેમની સામે મોટી સમસ્યા હતી. તેના સોલ્યુશન માટે બહુ વ્યાપક સ્તર પર કામ થઈ રહ્યું છે, પરંતુ આજે મન કી બાતમાં હું વિરેન્દ્ર જીનો ખાસ કરીને ઉલ્લેખ એટલે કરી રહ્યો છું, કારણ કે તેમના પ્રયાસ અલગ છે, એક નવી દિશા દેખાડે છે. સૂકા ઘાસનું સમાધાન કરવા માટે વિરેન્દ્રજીએ પૂળાની ગાંઠ બનાવનારું **straw bale** મશીન ખરીદ્યું. તેને માટે તેમને કૃષિ વિભાગ તરફથી આર્થિક મદદ પણ મળી. આ મશીનથી તેમણે સૂકા ઘાંસના ગઠ્ઠા બનાવવાના શરૂ કર્યા. ગઠ્ઠા બનાવ્યા બાદ તેમણે સૂકા ઘાંસને એગ્રો એનર્જી પ્લાન્ટ અને પેપર મીલને વેચી દીધા. તમે જાણીને હેરાન રહી જશો કે વિરેન્દ્રજીએ સૂકા ઘાંસમાંથી માત્ર બે વર્ષમાં દોઢ કરોડ રૂપિયાથી પણ વધુનો વેપાર કર્યો છે, અને તેમાં પણ લગભગ ૫૦ લાખ રૂપિયાનો નફો કમાયા છે. તેનો ફાયદો એ ખેડૂતોને પણ થઈ રહ્યો છે, જેમના ખેતરોમાંથી વિરેન્દ્રજી સૂકુ ઘાંસ ઉઠાવે છે. આપણે કચરામાંથી કંચનની વાત તો ઘણી સાંભળી છે, પરંતુ સૂકા ઘાંસનો નિકાલ કરીને પૈસા અને પુણ્ય કમાવાનું આ અનોખું ઉદાહરણ છે. મારા નવયુવાનો, ખાસકરીને ખેતીનો અભ્યાસ કરી રહેલા લાખો વિદ્યાર્થીઓને આગ્રહ છે કે તેઓ તેમની આસપાસના ગામોમાં જઈને ખેડૂતોને આધુનિક ખેતી વિશે, હાલમાં જ થયેલા ખેતી વિષયક સુધારા વિશે જાગૃત કરે. તેવું કરીને આપ દેશમાં થઈ રહેલા મોટા બદલાવમાં સહભાગી બનશો. મન કી બાત માં આપણે અલગ-અલગ, વિવિધ અનેક વિષયો પર વાત કરીએ છીએ. પરંતુ એક એવી વાતને પણ એક વર્ષ થઈ રહ્યું છે, જેને આપણે ક્યારેય ખુશીથી યાદ કરવાનું નહીં ઈચ્છીએ. લગભગ એક વર્ષ થઈ રહ્યું છે, જ્યારે દુનિયાને કોરોનાના પહેલા કેસ વિશે ખબર પડી હતી. ત્યારથી લઈને અત્યારસુધી આખા વિશ્વએ અનેક ઉતાર-ચડાવ જોયા છે. લોકડાઉનના તબક્કાની બહાર નીકળીને હવે વેક્સિન પર ચર્ચા થવા લાગી છે. પરંતુ કોરોનાને લઈને કોઈપણ પ્રકારની લાપરવાહી હજુ પણ બહુ જ ઘાતક છે. આપણે કોરોના સામે આપણી લડાઈને મજબૂતી સાથે ચાલુ રાખવાની છે. સાથીઓ કેટલાક દિવસો બાદ જ ૬ ડિસેમ્બરે બાબા સાહેબ આંબેડકરની પુણ્યતિથી પણ છે. આ દિવસ બાબાસાહેબને શ્રદ્ધાંજલિ આપવાની સાથે દેશ પ્રત્યે આપણા સંકલ્પો, બંધારણે, એક નાગરિક તરીકે આપણા કર્તવ્યને નિભાવવાની જે શિખ આપણને આપી છે, તેનું પુનરાવર્તન કરવાનું છે. દેશના મોટા ભાગમાં શિયાળાની ઋતુ પણ જોર પકડી રહી છે. અનેક જગ્યાઓ પર બરફવર્ષા થઈ રહી છે. આ ઋતુમાં આપણે પરિવારના બાળકો અને વડિલોનું, બિમાર લોકોનું વિશેષ ધ્યાન રાખવાનું છે, પોતે પણ સાવધાની રાખવાની છે. મને ખુશી થાય છે, જ્યારે હું એ જોવું છું કે લોકો પોતાની આસપાસના જરૂરિયાતમંદોની પણ ચિંતા કરે છે. ગરમ કપડાં આપીને તેમની મદદ કરે છે. નિરાધાર પ્રાણીઓ માટે પણ શિયાળો ઘણી મુશ્કેલી લઈને આવે છે. તેમની મદદ માટે પણ ઘણાં લોકો આગળ આવે છે. આપણી યુવા પેઢી આવા કાર્યોમાં બહુ વધુ સક્રિય હોય છે. સાથીઓ હવે પછી જ્યારે આપણે મન કી બાતમાં મળીશું તો ૨૦૨૦નું આ વર્ષ સમાપ્તિ તરફ હશે. નવી આશાઓ, નવા વિશ્વાસ સાથે આપણે આગળ વધીશું. હવે જે પણ સૂચનો હોય, **ideas** હોય, તેને મારી સાથે ચોક્કસ વહેંચતા રહો. આપ બધાને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ, આપ બધા સ્વસ્થ રહો, દેશ માટે સક્રિય રહો. ખૂબ-ખૂબ ધન્યવાદ.

## તંત્રી સ્થાનેથી......

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૯૬ દર્દીઓનાં મૃત્યુ નીપજ્યાં છે જેમાંથી ૭૦.૯૭% દર્દીઓ આઠ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશો એટલે કે, દિલ્હી, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, હરિયાણા, પંજાબ, કેરળ, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનના હતા. દિલ્હીમાં એક દિવસમાં સૌથી વધુ ૮૯ દર્દીઓના મૃત્યુ નોંધાયા છે. ત્યારપછી, સર્વાધિક મૃત્યુ મામલે મહારાષ્ટ્ર ૮૮ દર્દીના મૃત્યુ સાથે દિલ્હીની ખૂબ જ નજીક છે. પશ્ચિમ બંગાળમાં વધુ ૫૨ દર્દીના મૃત્યુ થયા છે. નવેમ્બર મહિનામાં દૈનિક ધોરણે મૃત્યુની સંખ્યાની સરેરાશમાં થતા ફેરફારોના આંકડા નીચે દર્શાવ્યા છે. ૨૨ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય સરેરાશની સરખામણીએ ઓછો મૃત્યુદર નોંધાયો છે. દેશમાં સક્રિય કેસનું ભારણ ૪,૫૩,૯૫૬ છે. ભારતમાં નોંધાયેલા કુલ પોઝિટિવ કેસમાંથી વર્તમાન સમયમાં સક્રિય કેસનું ભારણ ૪.૮૩% છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સક્રિય કેસમાં થયેલા ફેરફારના આંકડાઓ નીચે દર્શાવ્યા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧,૯૪૦ નવા કેસના ઉમેરા સાથે વૃદ્ધિ તરફી તફાવત નોંધાયો છે જ્યારે દિલ્હીમાં સૌથી વધુ ૧,૬૦૩ સક્રિય કેસ ઓછા થવાથી ઘટાડા તરફી તફાવત નોંધાયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૧,૮૧૦ નવા પોઝિટીવ કેસ નોંધાયા છે. દૈનિક ધોરણે નવા નોંધાયેલા કેસમાંથી ૭૦.૪૩% દર્દીઓ આઠ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશો એટલે કે, કેરળ, મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, હરિયાણા અને છત્તીસગઢમાંથી છે. કેરળમાં દૈનિક ધોરણે કોવિડના સૌથી વધુ ૬,૨૫૦ કેસ નોંધાયા છે. ત્યારબાદ સર્વાધિક નવા કેસ મામલે ૫,૯૬૫ કેસ સાથે મહારાષ્ટ્ર અને ૪,૯૯૮ નવા કેસ સાથે દિલ્હી ટોચે છે.ભારતમાં કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૮૮ લાખથી વધુ (૮૮,૦૨,૨૬૭) થઈ ગઈ છે જેના કારણે રાષ્ટ્રીય સાજા થવાનો દર આજે ૯૩.૭૧% નોંધાયો છે.છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં વધુ ૪૨,૨૯૮ દર્દીઓ સાજા થયા હોવાનું નોંધાયું છે.નવા નોંધાયેલા કેસમાંથી ૬૮.૭૩% દર્દીઓ આઠ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથીછે.દિલ્હીમાં એક દિવસમાં સૌથી વધુ ૬,૫૧૨ નવા દર્દીઓ સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. ત્યાર પછીના ક્રમે, કેરળમાં ૫,૨૭૫ અને મહારાષ્ટ્રમાં ૩,૯૩૭ દર્દીઓ સાજા થયા હોવાનું નોંધાયું છે.






## ચોરીવાડ ચોકડી પાસે ભયાનક અકસ્માત ટાયર નીકળી જતા ડિવાઈડર કુદી ને બીજા ટ્રેક પર ચડીજતાં અકસ્માત માં બે ના ઘટના સ્થળે મૃત્યુ

કમલમ દૈનિક, અરવલ્લી

એક તરફ લગ્ન ની સિઝન અને દેવ દિવાળી ના તહેવારો માં માલપુર તાલુકાના રાસાપૂર ગામ નજીક શુક્રવારે મોડી રાત્રે ટ્રેકટર-ટ્રોલી પાછળ બાઈક ઘૂસી જતા બાઈક સવાર બે યુવકોના ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજાવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે રવિવારે સવારે માલપુર-લુણાવાડા રોડ પર ચોરીવાડ ચોકડી નજીક લુણાવાડા તરફથી આવતી કારનું ટાયર ફાટતા ડિવાઈડર કુદાવી માલપુર થી લુણાવાડા તરફ જતી અન્ય કાર સાથે ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત થયો હતો જેમાં કારના બે ટુકડા થઈ જતા બે લોકોના ઘટનાસ્થળે કમકમાટી ભર્યા મોત નિપજયા હતા અકસ્માતની ઘટનાના પગલે માલપુર પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચ્યા હતા માલપુર પોલીસે બંને કમનસીબ મૃતકોની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, શામળાજી-ગોધરા હાઈવે પર ખાડા પડતા અનેક લોકો સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી અકસ્માતનો ભોગ બન્યા છે ત્યારે સાબરકાંઠા જીલ્લાના જાદર ગામના જગદીશ અમીચંદ ભાઈ પટેલ તેમના ભાગીયા રામભાઈ સાથે લુણાવાડા તરફથી કાર લઈ મોડાસા તરફ આવી રહ્યા હતા ત્યારે માલપુર નજીક ચોરીવાડ ચોકડી નજીક કારનું ટાયર ફાટતા કાર ચાલક જગદીશ પટેલે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર ડિવાઈડર કુદાવી રોંગ સાઈડ જઈ અન્ય કાર સાથે ધડાકાભેર અથડાતા કારના બે ટુકડા થઈ જતા કાર ચાલક જગદીશ પટેલ અને તેમના ભાગીયાનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અન્ય કાર રોડ પરથી નીચે ઉતરી ખાડામાં ખાબકી હતી જેમાં કાર ચાલકને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડાયો હતો

સતત વાહનોથી ધમધમતા રોડ પર ગમખ્વાર અકસ્માતની ઘટનાના પગલે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા ટ્રાફિકજામ સર્જાયો હતો અકસ્માતની ઘટનાની જાણ માલપુર પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી બંને મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.સાબરકાંઠા જીલ્લાના જાદર ગામના યુવાન જગદીશ પટેલનું અકસ્માતમાં મોત નિપજતા તેમના પરિવારજનો અને સગા-સબંધી અને મિત્ર વર્તુળ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે પહોંચ્યા હતા મૃતકના પરિવારજનો એ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી

## અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ માં જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર ની અધ્યક્ષતામાં આપણો તાલુકો વાઈબ્રન્ટ અને એટીવીટી ના કામો અંગે મીટિંગ મળી



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લીકલેકટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકર ના અધ્યક્ષસ્થાને વિકેન્દ્રિત જિલ્લા આયોજન તેમજ આપનો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો એ ટી વી ટી યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯ ૨૦૧૯-૨૦ તેમજ ૨૦૨૦-૨૧ મંજૂર કરવામાં આવેલ કામો ની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. જિલ્લા આયોજન અધિકારી શ્રી સુરેન્દ્રસિંહ ડાભી એ એ ટી વી ટી ની મુદત પૂર્ણ થયેલ છે તેવી પાછલા વર્ષો ની બાકી બચત ગ્રાન્ટ સત્વરે સરકાર મા જમાં કરાવવા ઉપસ્થિત મોડાસા અને બાયડ પ્રાંત અધિકારીશ્રીને જણાવ્યું હતું. વધુ મા જેતે વર્ષે મંજૂર કરવામાં આવતા કામો ગુણવત્તાસભર રીતે જે તે વર્ષમાં જ પૂરા કરવા ઉપસ્થિત તમામ તાલુકા વિકાસ અધિકારી શ્રી ઓ ને સૂચના આપી હતી. જિલ્લા કલેકટર શ્રી દ્વારા તમામ યોજનાઓ મા રીયલ ટાઈમ ઓનલાઈન એન્ટ્રી સામાન્ય વહીવટ વિભાગના **iojan4planning Software** માં કરવા ઉપસ્થિત તમામ પ્રાંત અધિકારી તેમજ તાલુકા વિકાસ અધિકારી ઓ ને સૂચના આપવામાં આવી હતી અને સમયસર સરકારશ્રી ની યોજનાઓ નો લાભ પ્રજાને મળી રહે તે જોવા જણાવ્યું હતું.

## પ્રધાનમંત્રીએ પુણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની મુલાકાત લીધી





કમલમ દૈનિક,

પ્રધાનમંત્રીએ પુણેની સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની મુલાકાત લીધી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પુણેની સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની મુલાકાત લીધી હતી અને સંસ્થાની ટીમ સાથે સંવાદ કર્યો હતો. તેઓએ તેમની અત્યાર સુધીની પ્રગતિ વિશેની વિગતો જણાવી હતી કે તેઓ કેવી રીતે રસીની ઉત્પાદન પ્રક્રિયામાં આગળ વધવાની યોજના ધરાવે છે. એક ટ્વિટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, "સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં ટીમ સાથે સારો સંવાદ કર્યો હતો. તેઓએ રસી ઉત્પાદન પ્રક્રિયામાં આગળ વધારવાની કેવી યોજના બનાવી છે તેની તથા અત્યાર સુધીની પ્રગતિ વિશેની વિગતો આપી હતી. તેમની ઉત્પાદન સુવિધા સ્થળની ટૂંકી મુલાકાત પણ લીધી હતી."





આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી નાં "મન કી બાત" કાર્યક્રમ વન અને આદિજાતિ વિભાગના રાજ્ય કક્ષા નાં મંત્રી માનનીય શ્રી રમણભાઈ પાટકર સાહેબ સાથે એમનાં નિવાસસ્થાને નિહાળતા વલસાડ જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી શ્રી શિલ્પેશભાઈ દેસાઇ, ઉમરગામ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલ, મહામંત્રી શ્રી પ્રકાશભાઇ પટેલ, શ્રી રામદાસભાઈ વરઠા તથા અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.(કમલમ દૈનિક,)

## ૬૯ વર્ષીય પુષ્પાબેન મેર અને હંસાબેન ધોકિયાને કોરાનો મૂકત કરતા રાજકોટ કોવીડ-૧૯ હોસ્પીટલના આરોગ્ય કર્મિઓ

### માત્ર સારવાર જ નહી પણ આપ્તજનસમી હુંફ અને સધિયારા વડે કોરોના દર્દીઓ માટે બીજુ ઘર પુરવાર થતું રાજકોટ કોવીડ-૧૯ હોસ્પીટલ





### "મા ને કોરોના થતાં માતાની જીવવાની આશા મુકી દીધી હતી, પણ રાજકોટ કોવીડ-૧૯ હોસ્પિટલના તબીબોએ તેમને સ્વસ્થ બનાવી આશાનો દિપ જલાવ્યો"-ઋષીકેશભાઇ મેર

કમલમ દૈનિક,

રાજકોટ તારીખ ૨૯નવેમ્બર- વર્તમાન કોરોનાની મહામારીને કારણે અનેક લોકો રોગ અને તેની સારવારની માહિતીથી અજાણ હોવાથી અને માત્ર સાંભળેલી વાતોથી દોરવાઇને જીંદગી પ્રત્યે હતાશા અનુભવતા હોવાનું સામાન્યતઃ જોવા મળે છે. પરંતુ રાજકોટ કોવિડ-૧૯ હોસ્પિટલના નિષ્કામ અને ફરજપરસ્તી સાથે રાષ્ટ્ર સેવાને સમર્પીત આરોગ્ય કર્મીઓની સેવાની જયોત આવા હતાશ દર્દીઓ માટે હરહંમેશ આશાનો દિપ પ્રજવલીત રાખવા તત્પર રહયો છે. આ બાબતની સાક્ષી પુરતા રાજકોટ કોવીડ-૧૯ હોસ્પિટલમાંથી તાજેતરમાંજ કોરોના સંક્રમણથી મૂકત બની સ્વસ્થ થઈ સ્વગૃહે પરત ફરતા ૬૯ વર્ષીય પુષ્પાબેન મેરના પુત્ર શ્રી ઋષીકેશભાઇ સંતોષની લાગણી સાથે જણાવે છે કે મારી માતાને કોરોના થતાં મને માતાની જીવવાની આશા ધુંધળી ભાસતી હતી. પરંતુ રાજકોટ સિવીલ હોસ્પિટલના ડોકટરોએ દેવદુત બની અમારો સહારો બન્યા છે.

તેઓએ મારી માતાની આપ્તજનસમી સેવા કરી છે. તેઓની નિયમીત દવાઓ, સતત દેખરેખ સારવાર અને ખાસ તો વારંવાર માતાને સધિયારા સાથે હિંમત અને હુંફ આખરે કારગર બની મારી માતાને સ્વસ્થ બનાવ્યા છે. આવા જઅન્ય કોરોનાને હરાવી સ્વસ્થ બનેલા અને અહોભાવની લાગણીથી ગદગદીત હંસાબેન જીવનભાઇ ધોકિયા કહે છે કે કોવિડ-૧૯ હોસ્પિટલના આરોગ્યકર્મીઓની સધન સારવાર, નિયમીત અને સમયસર દવાઓ, દરરોજ પોષક આહાર સાથે નાસ્તો અને અન્ય સુવિધા સાથે ઘરના આત્મીયજન કરતા પણ વિશેષ હુંફ અને દેખરેખ એ આ સમયમાં અકલ્પનિય છે. સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયના કોરોના દર્દીઓ પ્રત્યેની સંવેદના અને મોંઘેરી સારવાર નિઃશુલ્ક આપાય તેવી સુદ્રઢ વ્યવસ્થા કરી છે. આવી જ સંવેદનાથી સભર આરોગ્યકર્મીઓની આત્મિયતા અને સેવાએ મને નવી જિંદગી બક્ષી છે. એટલું જ નહીં વીડીયો કોલીંગ દ્વારા ઘરના સભ્યો સાથે સતત સંપર્ક બનાવી આપી તેઓએ કયારેય ઘરની ખોટ સાલવા દીધી નથી.



રાજકોટની પી.ડી.યુ. કોવીડ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ બહેનોની અવિરત સેવા

# કોરોનાથી સંક્રમિત થયા પણ દર્દીઓની સેવા કરવી છે: નર્સ બહેન ગોસાઈ અર્ચના

## પોતાના પરિવાર અને બાળકોની ચિંતા કર્યા વગર નર્સિંગ સ્ટાફ સેવા-સુશ્રુષા કરી રહ્યા છે - ભલગામા ધર્મિષ્ઠાબેન









કમલમ દૈનિક, રાજકોટ

રાજકોટની પી.ડી.યુ. સિવિલ કોવીડ હોસ્પિટલમાં ૫૦૦થી વધું નર્સિંગ કર્મીઓ મહિનાઓથી અવિરત સેવા આપી રહ્યા છે. કોરોનાની મહામારીમાં જે રીતે તબીબો કોરોના વોરીયર્સ બની દર્દીઓની સારવાર કરી રહ્યા છે તેવી જ રીતે આ સારવાર-સેવામાં જેની ભુમિકા અગત્યની છે તેવા નર્સિંગ સ્ટાફના કર્મીઓ પણ ફ્રન્ટ લાઈન કોરોના વોરીયર બની પરિવારની પરવા કર્યા વગર કોરોના સંક્રમિત દર્દીઓની સેવા કરી રહ્યા છે. કોરોના સામેની લડાઈમાં રાજ્ય સરકાર, જિલ્લા વહીવટી તંત્ર, હોસ્પિટલ મેનેજમેન્ટના માર્ગદર્શન હેઠળ નર્સિંગ સ્ટાફે દિવસ-રાત કામ કરી કોરોના સંક્રમિત દર્દીઓની સારવારમાં સાચા અર્થમાં કર્મયોગ ચરિતાર્થ કર્યો છે. રાજકોટની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફની બહેનો કોરોનાથી સંક્રમિત થાય તો સારવાર મેળવીને અથવા તો હોમ આઈસોલેટેડ થઈને ફરી સ્વસ્થ થઈ સારવારમાં લાગી જાય છે. આવી છે સંવેદનશીલ સરકારના સંવેદના સભર કર્મયોગીઓની સંવેદના. રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ૧૪ વર્ષથી સેવા આપતા નર્સ બહેન અર્ચના ગોસાઈએ જણાવ્યું હતું કે તેઓનો તા.૩ સપ્ટેમ્બરના રોજ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં ૧૪ દિવસ સુધી આઈસોલેટેડ માં રહી સારવાર મેળવી સાજા થઈ ફરી સેવામાં લાગી ગયા હતા. તેઓએ જણાવ્યું હતું કે તેમની સેવા કોવિડ હોસ્પિટલમાં હોવાથી ઘરે વિશેષ તકેદારી રાખવી પડે છે. તેમની ડયુટી રોટેશન મુજબ હોય છે અને જ્યારે તેઓ સેવા કરીને ઘરે જાય છે ત્યારે બાળકોને ચેપ ન લાગે તે માટે વિશેષ તકેદારી રાખે છે .સિવિલ હોસ્પિટલ ની સેવા તેમના માટે મુખ્ય છે અને તેઓએ પણ લોકોને જાગૃત રહી સાવચેતી રાખવા અપીલ કરી હતી. આવા જ બીજા એક સેવાભાવી ધર્મિષ્ઠાબેન ભલગામાએ કહ્યું હતું કે તેઓ આઈ હોસ્પિટલમાં સેવા આપે છે અને રોટેશન મુજબ તેમને સિવિલ હોસ્પિટલમાં સેવા કરવાની હોય છે. તેમનું પાંચમું રોટેશન ચાલતું હતું ત્યારે તેઓ પણ દર્દીઓની સારવાર કરતી વખતે કોરોનાથી સંક્રમિત થયા હતા તેમને દસ વર્ષનો પુત્ર છે તેમને સંક્રમણ ન લાગે તે માટે સગા સંબંધીને ત્યાં મૂકીને તેઓએ સારવાર મેળવી હતી અને જ્યારે પણ સિવિલ હોસ્પિટલમાંથી સેવા કરીને ઘરે પરત ફરે ત્યારે પરિવારજનોને કોઈ તકલીફ ન પડે તે માટે કાળજી રાખે છે. ધર્મિષ્ઠાબેને રાજકોટ શહેર જિલ્લાના લોકોને સતત માસ્ક પહેરવા અને કોરોનાથી બચવા માટે સરકારની માર્ગદર્શિકા નું પાલન કરવા અને તકેદારી રાખવા અનુરોધ કર્યો છે.

## સંતુલિત આહાર, યોગ્ય દવાઓ અને કાળજીભરી માવજત નો સરવાળો એટલે સિવિલ હોસ્પિટલની સારવાર - રાજકોટના રહીશ રવિકિરણભાઈ



કમલમ દૈનિક, રાજકોટ તારીખ ૨૯નવેમ્બર- રાજકોટના ભુપેન્દ્ર રોડ ખાતે રહેતા શ્રી રવિકિરણભાઈ કોટકે જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલની સારવાર એટલે સંતુલિત આહાર, યોગ્ય દવાઓ અને કાળજીભરી માવજતનો સરવાળો છે. ૨૮ નવેમ્બરે રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલ ખાતેથી આઠ દિવસની કોરોનાની સઘન સારવાર લઈને કોરોના મુક્ત થયેલા દર્દી શ્રી રવિ કિરણભાઈએ તેમને મળેલ સારવારનો પ્રતિભાવ આપતા કહ્યું હતું કે વિશ્વભરમાં ફેલાયેલી કોરોનાની મહામારીનો સામનો કરવામાં રાજ્યનું આરોગ્ય તંત્ર ખડે પગે નાગરિકોની સેવામાં હાજર રહ્યું છે ત્યારે રાજ્યના નાગરિકોએ સરકારી સારવારનો જ આગ્રહ રાખવો જોઈએ કેમ કે અહીં બધુ ઉત્તમ કક્ષાનું જ મળે છે. મારી પાસે વિડીયો કોલ થઈ શકે તેવો મોબાઈલ ન હોવાથી અહીંના સ્ટાફે મને વિડીયોકોલ મારફતે મારા ઘરના સભ્યો સાથે વાત કરાવી હતી અને એક ઘરના સભ્યની જેમ મારો ખ્યાલ રાખ્યો છે તે બદલ હું તેમનો સદા ઋણી રહીશ. શ્રી રવિકિરણભાઈ માસ્ક પહેરવા, સમયે સમયે હાથ સેનેટાઈઝ કરવા અને સામાજિક અંતર જાળવવા લોકોને આગ્રહ કરે છે અને કોરોનાની મહામારીનો સામનો કરવામાં રાજ્ય સરકારના પ્રયાસોને મદદરૂપ થવા પણ જણાવે છે.

## ૮૦ વર્ષના વૃદ્ધા બિલ્કીશબેન સિવિલના સ્ટાફની સેવાથી થયા ભાવ વિભોર : દિકરાથી વિશેષ લીધી છે મારી સારસંભાળ...





રાજકોટ,

કોરોના મહામારીમાં રાજકોટ સિવિલ કોવિડ હોસ્પિટલમાં બીપી, ડાયાબિટીસ, હૃદયની તકલીફ સહીતના મલ્ટીપલ રોગ ધરાવતા મોટી ઉમરના કોરોનાના અનેક દર્દીઓ સારવાર મેળવી માત્ર કોરોના જ નહિ અન્ય બીમારીઓથી પણ મુક્ત થઈ રહ્યા છે. આવા જ એક દર્દી બિલ્કીશબેન હસનઅલી ૮૦ વર્ષના વૃદ્ધાએ ધ્રુજતા પણ મક્કમ અવાજે તેમની સિવિલ હોસ્પિટલ ખાતેની સારવારની વાત રજૂ કરતા જણાવે છે કે, અહીંના સ્ટાફના સભ્યોએ મારી દિકરાથી વિશેષ સારસંભાળ લીધી છે. તેઓ ઠંડકથી મારી વાત સાંભળી કોઈપણ જરૂરિયાત હોઈ પુરી કરી આપતા. ભોજન, દવા બધું લેવામાં મને મદદરૂપ બનતા.તેઓનો સરળ સ્વભાવ, આવડતથી હવે હું સ્વસ્થ થઈ રજા લઈઘરે સુખરૂપ જઈ રહી છે. બિલ્કીશબેનની સારવાર કરતા મેડિસિનના ત્રીજા વર્ષમાં પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરતા ડો. અભય ગંભીર જણાવે છે કે, બિલ્કીશબેનને શ્વાસ લેવામાં તકલીફ હતી, ખાંસી અને શરદી હોઈ તેમનો ટેસ્ટ કરવામાં આવતા પોઝિટિવ આવેલો. તેમને ૫ દિવસ સુધી ઓક્સિજન પર રાખવામાં આવેલા હતાં. તેમને હૃદય અને બી.પી. ની પણ બીમારી હોઈ તેમની સ્થિતિ નાજુક હતી. પરંતુ તેમની રોગપ્રતિકારક શક્તિ સારી હોઈ ૧૦ દિવસમાં તેઓ સ્વસ્થ થઈ ગયા છે. હાલ તેઓને કોઈ તકલીફ ન હોઈ અને કોરોના નેગેટિવ આવતા તેમને રજા આપવામાં આવી છે. ડો. ગંભીર જણાવે છે કે, કોરોના થયા બાદ સારવાર લેવી પડે તેના કરતા કોરોના સંક્રમિત ના થઈએ તે માટે આપણે કટિબદ્ધ થવું જોઈએ. જો દરેક લોકો સરકારની ગાઈડ લાઈન મુજબ માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને હાથ વારંવાર ધોવાનું રાખે તો આપણે ચોક્કસ કોરોનાથી બચી શકીએ.



સિહોર શહેર ખાતે ભાવનગર જિલ્લા મહામંત્રી શ્રી ઉમેશભાઈ મકવાણાના નિવાસસ્થાને તેમના સપરિવાર સહ જનતાના હૃદયની અનુભૂતિને વાચા આપતા આદરણીય PMO India શ્રી Narendra ModiS ના "મન કી બાત" કાર્યક્રમ નિહાળ્યો. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશના નાગરિકોને વૈશ્વિક કોરોના મહામારીમાં ઈર્ઑહિદ્દફ્દક્ષ્ઠૈહી સહિત હાલના અનેકવિધ મુદાઓ પર વિગતે વાત કરી હતી. મોદીજીના પ્રેરણાત્મક શબ્દો થકી હંમેંશની જેમ આ વખતે પણ અનેકગણું માર્ગદર્શન મળ્યું અને જનસેવાની શીખ મળી.(કમલમ દૈનિક,)



આદરણીય વડાપ્રધાન માન.શ્રી Narendra ModiS ના ભવ્ય સંકલ્પની સિદ્ધી સમાન, #StatueOfUnity, કેવડીયા ખાતે યોજાયેલી, ૮૦ મી ઓલ ઈન્ડીયા પ્રિસાઈડીંગ ઓફીસર્સ કોન્ફરન્સમા, ભાગ લેતી વખતે, રાષ્ટ્રના સપૂત અને મહાન રાજપુરૂષ સરદાર સાહેબની ભવ્ય પ્રતિમાના સાન્નિધ્યમા, અવર્ણનીય અને આહલાદક માહોલમાં, અનેરો લ્હાવો મળ્યો.(કમલમ દૈનિક,)




ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ ગુજરાતમાં બુથસ્તર સુધી ભાજપા સંગઠનને વધુ મજબૂત કરવા પેજ પ્રમુખ,પેજ કમિટીની રચના માટે કાર્યકરોને આહ્વાન કર્યું છે ત્યારે સ્વયં પોતે પણ પેજ પ્રમુખ બની,પેજ સમિતિ બનાવી કાર્યકરોને પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડયું છે.(કમલમ દૈનિક,)









૧૬૯-બારડોલી વિધાનસભા મતવિસ્તાર ના બાબલા ગામ ખાતે અંદાજીત રુ. ૧૪૫ લાખ ના ખર્ચે નિર્માણ થનારા કેનાલ સ્ટ્રક્ચર ના કામ નુ ખાતમુહૂર્ત કર્યુ. (કમલમ દૈનિક,)





નિસ્વાર્થ સેવા સંગઠન ના માધ્યમથી પાલનપુર ની સોસાયટીઓ માં રહેતા તમામ રહીશોના બિનજરૂરી કપડા જરૂરિયાત મંદ લોકો સુધી પહોંચે એ અનુસંધાને નવાગંજ રોડ પાસે આવેલ આનંદ બંગલોઝ ખાતે રહેતા રહીશોના બિનજરૂરી કપડા એકઠા કરી પાલનપુર તેમજ બનાસકાંઠા ના તમામ જરૂરિયાત મંદ લોકો ને પાંચ લાખથી વધારે રહીશોના બિનજરૂરી કપડાં એકઠા કરી જરૂરિયાત મંદ અને અંતરિયાળ વિસ્તારના લોકોને મદદરૂપ બનવાનો સંકલ્પ કરવામાં આવ્યો કાર્યક્રમમાં ઉપસ્થિત નિસ્વાર્થ સેવા સંગઠન પ્રમુખ નીતીનભાઈ ઠાકોર ડો,સુરેન્દ્રભાઈ ગુપ્તા કિસાનમોરચાના પ્રદેશ પ્રમુખગિરિશભાઈ જાણીયા પૂર્વ નગરપાલિકા પ્રમુખહસમુખભાઈ પઢિયાર આનંદબંગલો સોસાયટી પ્રમુખ લક્ષ્મણભાઈભટોળ નગરપાલિકા કોર્પોરેટર જાગૃતીબેનમહેતા ઠાકુરદાસ ખત્રી મનઅગ્રવાલ સાગરભાઈ જાની કમલેશ હભાઈ પરમાર સોસાયટીના રહીશો ઉપસ્થિત રહી કાર્યને બિરદાવી લોકોને મદદરૂપ બનવા નિસ્વાર્થ સેવા સંગઠને આશીર્વાદ આપી કાર્યને ઝડપથી આગળ વધારવા માટે અભિનંદન પાઠવ્યા(કમલમ દૈનિક,)

# રાજ્ય સરકાર વર્ગો બંધ કરવાના નિર્ણયનો પુન: વિચાર કરે : વિનોદ ચાવડા



કમલમ દૈનિક,અજય ખત્રી

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ જે પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬થી ૭ના ઓછા વિધાર્થી હોય તો ધોરણ ૬થી ૭ના વર્ગો તે જ શાળામાં બંધ કરી અન્ય શાળામાં મર્જ કરવાનું ઠરાવેલ છે. તેવી રજૂઆતો કચ્છ જિલ્લા શૈક્ષણિક મહાસંઘ તરફથી સાંસદ વિનોદભાઈ ચાવડા પાસે આવતા તેમણે શૈક્ષણિક મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને પત્ર લખી તથા ટેલિફોનિક રજૂઆત કરી સરકારના નિર્ણય પ્રત્યે પુન: વિચાર કરવા જણાવ્યુ છે. કચ્છ જિલ્લાની ક્ષેત્રિય અને ભૌગોલિક પરિસ્થિતિની વિસ્તાર સૌથી મોટા જિલ્લા તરીકે છે, કચ્છ જીલ્લાની ૧૭૯ જેટલી શાળાઓમાં ધોરણ ૬ અને ૭ના વર્ગો બંધ કરી નજીકની શાળાઓમાં સમાવવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરફથી આદેશ થયેલ છે. છુટા છુટા ગામડાઓ, વાંઢો અને વાડી વિસ્તારમાં વસવાટ કરતા પશુપાલન અને કૃષિ ઉપર આધારિત લોકાનો આ પ્રદેશ છે. જિલ્લાના ઘણા તાલુકા જેવા કે બન્ની – રાપર દુર્ગમ વિસ્તારો છે. જો કચ્છમાં પ્રાથમિક શાળામાં ચાલતા ધોરણ ૬- ૭ના વર્ગો અન્યત્ર ખસેડવામાં આવે તો નાના બાળકોને હાલાકી થશે. ધોરણ ૬થી ૭માં અભ્યાસ કરતા બાળકોને સથવારે અને સહારે તેમના ભાઈ બહેનો શાળાએ જતા હોય છે. તેમના પણ શિક્ષણ ઉપર પ્રતિકૂળ અસર થઈ શકે છે. ખાસ કરીને નાની દીકરીઓ ભણતરથી વંચિત રહેશે વિધાર્થીઓને ડ્રોપ આઉટ ની વૃધ્ધિ થશે તેવી દહેશત છે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્ર ભાવના વ્યક્ત કરી છે. દરેક શાળાઓમાં સૌચાલય, સ્વચ્છતા અને ભણતર ઉચ્ચ કોટિનું રહે તેવું આહ્વાન કરેલ છે. રાજય સરકાર પણ કોઈ પણ બાળક શાળા શિક્ષણથી વંચિત ન રહે માટે પ્રતિબધ્ધ છે ત્યારે પ્રાથમિક શિક્ષણ વિભાગ પણ આ ઠરાવ બાબતે પુન: વિચારણા કરી શિક્ષણ હિતમાં સકારાત્મક વિચારે તેવી અપીલ સાંસદ વિનોદભાઈ ચાવડાએ વ્યક્ત કરી છે.

# સવાયા કચ્છી પીએમ નરેન્દ્રભાઈનો કચ્છ પ્રેમ છાનો ન રહે..!

## લખપતમાં ગુરૂ સાહેબના મને આર્શીવાદ મળ્યા : મોદી





### ૨૦૦૧ના ભુકંપમાં જીર્ણશિર્ણ થયેલ ગુરૂદ્વારાને મારા સીએમ કાળ વખતે કરાયેલ મરંમતને યુનેસ્કોનો એવોર્ડ મળ્યો હતો, એ દરબાર સાહેબની મારા પરની કૃપાથી જ શક્ય બન્યું.

કમલમ દૈનિક,અજય ખત્રી

દેશના વડાપ્રધાન ૭૧મી વખત મન કી વાતથી સંબોધન કર્યુ હતુ ત્યારે તેઓએ આવતીકાલથી શરૂ થઈ રહેલ ગુરૂનાનક જન્મજયંતિની વાત કરતા કચ્છને યાદ કર્યુ હતુ. નરેન્દ્રભાઈ બોલે અને કચ્છને યાદ ન કરે તેવુ ભાગ્યે જ બને. તેઓએ ગુરૂ નાનકજીને યાદ કરતા કહ્યુ હતુ કે, કચ્છના લખપતમાં પણ એક ગુરૂદ્વારા છે. ગુરૂનાનકજી તેઓની ઉદાશસી દરમ્યાન ત્યા રોકાયેલા હતા. ૨૦૦૧ના ભુકંપમા આ ગુરૂદ્વારાને મોટુ નુકસાન થવા પામયુ હતુ. મોદીજીએ કહ્યુ કે, ગુરૂસાહેબની જ કૃપા હતી કે તે જર્જરીત ગુરૂદ્વારાના સમારકામની ભૂમિકા માર પર આવી હતી. મને ગુરૂસાહેબના આર્શીવાદ મળ્યા હતા. અને આ અમારી ટીમ દ્વારા તે વખતે કરવામા આવેલ ગુરૂદ્વારાની મરમંતને યુનેસ્કોનો એશીયા પેસીફીક એવોૃડમાં એવોર્ડ ઓફ ડીસ્ટનીગશીગ મળ્યુ હતુ. યુનેસ્કો દ્વારા નોધ કરાયુ હતુ કે, મરંમત વખતે ગુરૂદ્વારામા રહેલી જીણીજીણી શિલ્પીકાર્યોની ખુબ જ ધ્યાન રાખવામા આવ્યુ હતુ. જયુરીએ એવોર્ડ આપતી વખતે એ પણ નોટ કર્યુ હતુ કે, ગુરૂદ્વારાના પુનનિર્માણમા શીખ સમુદાયનો મોટો ફાળો રહેલો છે. અને શીખ સમુદાયના માર્ગદર્શનથી જ આ પુન: નિર્માણ કરવામા આવ્યુ હતુ. મોદીજીએ કહ્યુ હતુ કે, હુ સીએમ ન હોતો ત્યારે પણ લખપત ગુરૂદ્વારા જવાની મને તક મળી હતી. અને હુ અહી જઈને ધન્યતા અનુભવી હતી.ગુરૂસાહેબે મારાથી નિરંતર સેવા લીધી છે. મોદીજીએ આ તબક્કે સૌને ગુરુનાનક જયંતિની શુભકામના પાઠવી હતી.

# મોરબી જીલ્લા ભાજપ કાર્યાલયનું ઉદઘાટન રાજકોટના સંસદસભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું





કમલમ દૈનિક, અંકિત રાવલ હળવદ

મોરબી જીલ્લા ભાજપ કાર્યાલયનું ઉદ્દઘાટન રાજકોટના સંસદસભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે મોરબી જીલ્લા ભાજપ પ્રમુખશ્રી દુર્લભજીભાઈ દેથારિયા,મોરબી-માળીયા(મી) ના ધારાસભ્યશ્રી બ્રિજેશભાઈ મેરજા, ગુજરાત રાજયના પૂર્વ રાજ્ય મંત્રીશ્રી જયંતીભાઈ કવાડીયા,પૂર્વ જીલ્લા ભાજપના પ્રમુખશ્રી રઘુભાઈ ગડારા,માર્કેટિંગ યાર્ડના ચેરમેનશ્રી મગનભાઈ વડાવિયા,મોરબી શહેર ભાજપ પ્રમુખશ્રી લાખાભાઈ જારીયા,મોરબી તાલુકા ભાજપ પ્રમુખશ્રી અરવિંદભાઈ વાંસદળીયા,મોરબી શહેર ભાજપ મહામંત્રીશ્રી ભાવેશભાઈ કંજારીયા,મોરબી જીલ્લા યુવાભાજપશ્રી ઉપપ્રમુખ જીજ્ઞેશ કેલા,મોરબી તાલુકા યુવાભાજપ પ્રમુખશ્રી વિશાલ ઘોડાસરા તથા આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મતદાર યાદી સુધારણા કાર્યક્રમ





કમલમ દૈનિક,

મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત આજે બીજા રવિવાર ના માંડવી -કચ્છ નગરપાલીકા ના વોર્ડ નં ૬ ના બુથ પર ગીતાબેન પંકજ રાજગોર ઉપપ્રમુખ માંડવી નગર પાલિકા ની ઉપસ્થિતિ માં નવા નામ ઉમેરાવ્યા અને ક્ષતિ વારા નામ મા સુધારા કરવાની કામગીરી કરાઈ હતી.







મનસુખભાઈ વસાવા સાંસદ સભ્ય શ્રી ભરૂચ ના નિવાસ્થાને રાજપીપલા ખાતે દેશ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો 'મન કી બાત' કાર્યક્રમ નેત્રંગ તાલુકાનાં ભાજપ મહિલા મોરચાની બહેનો શ્રીમતી ઈંદુબેન સોરઠીયા, શ્રીમતી કપીલાબેન ભાટીયા, શ્રીમતી ઉર્મિલાબેન વસાવા, શ્રીમતી જમનાબેન વસાવા તથા શ્રીમતી સંધ્યાબેન રાઠોડ સાથે મન કી બાત કાર્યક્રમ નિહાળવામાં આવ્યો.(કમલમ દૈનિક,)

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028